વંદે ભારતમ્ નાટકનું નાટ્ય વિભાગના 75 કલાકારો દ્વારા ભવ્ય મંચન કરાશે

# એમએસયુની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી દ્વારા વંદે માતરમના 150 વર્ષની ઉજવણી

છેલ્લા સાત દિવસોથી દરરોજ 12 કલાકથી વધુ સમય સુધી વિદ્યાર્થીઓ દ્વારા રિહર્સલ



(પ્રતિનિધિ) વડોદરા તા.13
સંગીત નાટક અકાદમી, નવી દિલ્હી અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ડ્રામેટિક્સના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારના વિશેષ આયોજન અંતર્ગત 15મી જુલાઈના રોજ વડોદરામાં રાષ્ટ્રીય નાટ્ય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. એમએસયુના પ્રો. સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે સાંજે છ કલાકે આયોજિત નાટક વંદે ભારતમ્ આ પ્રસ્તુતિ મહાકવિ કાલિદાસ જયંતીની ઉજવણી સાથે રાષ્ટ્રગીત વંદે માતરમના 150 વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરને સમર્પિત છે. ફેકલ્ટીના ડીન પ્રો. ડો.અજય અષ્ટપુત્રે અને ડિપાર્ટમેન્ટ ઓફ ડ્રામેટિક્સના અધ્યક્ષ ડો. દર્શન પુરોહિતે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગીત, સંગીત, નૃત્ય અને નાટ્યથી ભરપૂર આ મલ્ટીમીડિયા પ્રોડક્શનમાં લગભગ 75 કલાકારો ભાગ લઈ રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી રોજ 12 કલાકથી વધુ સમય સુધી તેની રિહર્સલ ચાલી રહી છે. નાટકની વિશેષતા છે કે, આ નાટકમાં આજના આધુનિક યુવાનો અને શહીદ ભગતસિંહ જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ વચ્ચેના પ્રેરણાદાયક વૈચારિક સંવાદ દ્વારા રાષ્ટ્રભક્તિનો સંદેશ આપવામાં આવશે. તેમાં વંદે માતરમની સફરની સાથે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના કેટલાક મહત્વપૂર્ણ પ્રસંગોને મંચ પર જીવંત કરવામાં આવશે.

# દીદીજીના ૭૦મા વર્ષના મંગલ પ્રવેશ પર ગુંજ્યો 'માધવવૃન્દ'નો નાદ



(પ્રતિનિધિ) વડોદરા તા.13
વૈશ્વિક સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (પરમ પૂજનીય દાદાજી) એ જગતને નિસર્ગ તરફ જોવાનો એક અનોખો અને તર્કબદ્ધ દૈવી દ્રષ્ટિકોણ આપ્યો છે. તેમના મતે, પ્રકૃતિ એ કેવળ ભોગ કે ઉપયોગની વસ્તુ નથી, પરંતુ તેમાં સર્વવ્યાપી પરમાત્માનું દૈવી તત્ત્વ રહેલું છે. દાદાજીની આ જ ભક્તિમય દ્રષ્ટિને સાકાર કરવા દર વર્ષે ૧૨ જુલાઈના રોજ સમગ્ર વિશ્વમાં લાખો સ્વાધ્યાયીઓ દ્વારા 'માધવવૃન્દ દિન', 'વૃક્ષમંદિર દિન' અને 'યુવા દિન'ની દિવ્ય ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષની ૧૨ જુલાઈનો આ મહોત્સવ વૈશ્વિક સ્વાધ્યાય પરિવાર માટે અત્યંત વિશિષ્ટ અને હર્ષોલ્લાસસભર બની રહ્યો, કારણ કે સ્વાધ્યાય કાર્યની ધૂરા સંભાળનારા પૂજનીય જયશ્રીબેન તળવળકર (પૂજનીય દીદીજી) એ આજે તેમના જીવનના ૭૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ૧૨ જુલાઈની સવારના સમયમાં વડોદરાના સ્વાધ્યાયીઓએ પ્રકૃતિમાં ઈશ્વરીય અંશના દર્શન કરવાના પવિત્ર ભાવ સાથે, એક જ દિવસમાં પોતાના ઘરોમાં ૧૧,૦૦૦ થી વધુ 'બાલતરૂ' (છોડ) ની ભાવપ્રતિષ્ઠા કરી હતી. છેલ્લા કેટલાય દાયકાઓમાં ૨ કરોડ થી પણ વધુ 'બાલતરૂ' ની ભાવપ્રતિષ્ઠાઆ વિશ્વભરમાં થઈ છે. ઉપરાંત, સ્થાનિક અનુમતિથી શહેરના જાહેર સ્થળો પર ૩૦૦ થી વધુ વડ, પીપળો, લીમડો અને બિલી જેવા પવિત્ર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

# વડોદરામાં ઓન્કોલોજી સેવાઓનો વિસ્તાર, હવે રેસ કોર્સ રોડ પર પણ ઉપલબ્ધ

વડોદરા : સ્ટર્લિંગ હોસ્પિટલ્સે વડોદરામાં કેન્સરની સારવાર વધુ સુલભ બનાવવા માટે ભાયલી સ્થિત તેની સમર્પિત ઓન્કોલોજી સેવાઓનો વિસ્તાર હવે રેસ કોર્સ રોડ યુનિટ સુધી કર્યો છે. નવા કેન્દ્રમાં કેન્સરના દર્દીઓu માટે ઇન-પેશન્ટ અને ડે-કેર સુવિધા ઉપરાંત ઓન્કો સર્જરી, કિમોથેરાપી, ઈમ્યુનોથેરાપી અને સારવાર બાદની ફોલો-અપ સેવાઓ ઉપલબ્ધ રહેશે.રેસ કોર્સ રોડ યુનિટમાં સર્જિકલ ઓન્કોલોજી માટે ડૉ. વિભા નાયક અને તેમની ટીમ સેવા આપશે, જ્યારે રિકન્સ્ટ્રક્ટિવ અને પ્લાસ્ટિક સર્જરીની અદ્યતન સુવિધા પણ શરૂ કરવામાં આવી છે. ડૉ. હિમાંશુ નાયક ફ્લેપ સર્જરી અને માઈક્રોસર્જરી જેવી આધુનિક તકનીકો દ્વારા દર્દીઓના પુનર્વસન પર ધ્યાન આપશે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સના એમડી અને સીઈઓ સંતોષ મરાઠેએ જણાવ્યું હતું કે આ વિસ્તરણનો હેતુ અદ્યતન કેન્સર સારવાર દર્દીઓ સુધી વધુ સરળતાથી પહોંચાડવાનો છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં બેસ્ટ MSME એવોર્ડ પ્રાપ્ત થયો



(પ્રતિનિધિ) વડોદરા તા.13
શહેરમાં યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-મધ્ય ગુજરાતમાં સરકાર દ્વારા મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લામાંથી પસંદ કરાયેલ શહેરના મકરપુરા જીઆઈડીસીની હરિઓમ ઈલેક્ટ્રોનિક્સને બેસ્ટ MSME નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
જે વિશે માહિતી આપતા હરિઓમ ઈલેક્ટ્રોનિક્સના ફાઉન્ડર નટવરભાઈ રાણા અને સીઈઓ કમલેશભાઈ રાણા જણાવ્યું હતું કે, અમારી કંપનીને ભારતના રક્ષામંત્રી રાજનાથ સિંહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે એવોર્ડ અપાયો હતો. અમે દેશના ઔદ્યોગિક વિકાસ અને સુરક્ષા માપદંડોને મજબૂત કરવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળા સ્વદેશી સેન્સર અને લોડ સેલનું નિર્માણ કરીએ છીએ અને હંમેશા કરવા માટે સંકલ્પબદ્ધ રહીશું. આ સન્માન અમારી ટીમની ટેકનિકલ ઉત્કૃષ્ટતાના લીધે જ શક્ય બન્યું છે. જે અમારી અને શહેર માટે ગર્વની બાબત છે.

હલકી ગુણવત્તાનુ બાંધકામ જીવલેણ સાબિત થશે : ગ્રામજનોમાં રોષ

# અંબાલા ચોકડી નજીક મેસરી નદીના બ્રિજના બાંધકામમાં નીચી ગુણવત્તાના મટીરીયલનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા તા.13
પંચમહાલ જિલ્લાના કાલોલ-ગોધરા માર્ગ પર અંબાલા ચોકડી નજીક મેસરી નદી પર બની રહેલા બ્રિજના બાંધકામને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે.
ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે બ્રિજના નિર્માણમાં નીચી ગુણવત્તાનું મટીરીયલ વપરાઈ રહ્યું છે, જેના કારણે ભવિષ્યમાં બ્રિજની મજબૂતી અને જાહેર સુરક્ષા સામે જોખમ ઊભું થઈ શકે છે. સ્થળ પર પહોંચેલા ગ્રામજનો, સરપંચ, તાલુકા સભ્ય તથા સ્થાનિક આગેવાનોએ જણાવ્યું કે બાંધકામમાં વપરાતા મટીરીયલની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. જો તપાસ દરમિયાન કોઈ અનિયમિતતા સામે આવે તો નીચી ગુણવત્તાનું મટીરીયલ દૂર કરી નિયમો મુજબ ગુણવત્તાયુક્ત સામગ્રીથી બ્રિજનું બાંધકામ કરવામાં આવે. ગ્રામજનોએ સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓને સ્થળ પર આવી સમગ્ર કામગીરીની તપાસ કરવા તેમજ જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેમનું કહેવું છે કે જાહેર નાણાંથી બનતા વિકાસકાર્યોમાં કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં નહીં આવે અને લોકોના જીવ સાથે ચેડાં કરનારાઓ સામે કડક પગલાં ભરવા જોઈએ.

# મકરપુરા-માંજલપુર વિસ્તારમાં વિવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.13
૧૪૫-માંજલપુર વિધાનસભા મતવિસ્તારની આગામી પેટા ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને વડોદરા વહીવટી તંત્ર દ્વારા મતદારોમાં જાગૃતિ લાવવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે વિધાનસભા મતવિસ્તારમાં આવેલી વિવિધ શૈક્ષણિક અને ટેકનિકલ સંસ્થાઓ ખાતે 'મતદાન જાગૃતિ અભિયાન' અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પ્રક્રિયામાં લોકભાગીદારી વધારવાના હેતુથી માંજલપુર સ્થિત સ્પેક્ટ્રમ સ્કૂલ ખાતે બાળકો માટે એક ભવ્ય ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓએ કલાના માધ્યમથી લોકશાહીના પર્વને બિરદાવ્યો હતો. આ ઉપરાંત, આઈ.ટી.આઈ. (ITI) તરસાળી ખાતે યુવા મતદારોને મતદાનનું મહત્વ સમજાવતો વિશેષ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં સંસ્થાના તાલીમાર્થીઓ જોડાયા હતા. અને સૌએ મતદાન કરવાના શપથ ગ્રહણ કર્યા હતા. ઉમા વિદ્યાલય, સોમનાથ નગર, તરસાલી ખાતે મતદાન જાગૃતિ સાયકલ રેલીનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત શારદા મેમોરિયલ હાઈસ્કૂલ ખાતે પણ 'મતદાન જાગૃતિ અભિયાન' અંતર્ગત વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સાથે-સાથે મોટી સંખ્યામાં વાલીઓ પણ ઉત્સાહભેર સહભાગી થયા હતા અને પોસ્ટર સેલ્ફી લઈ આગામી પેટા ચૂંટણીમાં અચૂક મતદાન કરવાનો સંકલ્પ લીધો હતો.

# ઝઘડિયામાં દીપડાની આતંકી હરકત: સર્ચ ઓપરેશન ચાલુ

ભરૂચ : ઝઘડિયામાં રવિવારે પાંજરે પુરેલા દીપડાએ અચાનક પોતાનો પંજો શટરની બહાર કાઢી ભારે અફડાતફડી મચાવી હતી. આ ઘટનામાં શક્તિશાળી દીપડો પાંજરામાંથી છટકી જતાં વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ હતી. બે મહિલાઓને ઈજા પહોંચાડનાર આ દીપડો હાલ બાજુના સીમ વિસ્તારમાં ભરાઈ ગયો છે, જ્યારે વન વિભાગે તેને પકડવા 'સર્ચ ઓપરેશન' શરૂ કર્યું છે. મળતી માહિતી મુજબ, ઝઘડિયાના વન વિભાગ કાર્યાલયમાં રવિવારે સવારે ઉમલ્લાથી પાંજરામાં પકડાયેલા દીપડાને લાવવામાં આવ્યો હતો. તંત્રની ટીમએ દીપડાને ચિપ્સ નાખવા માટે બીજું પાંજરું ગોઠવ્યું હતું. ત્યારે દીપડાએ પોતાની તાકાતથી પંજો શટરની બહાર કાઢી લીધો અને લાંબા કૂદકા મારતો પાંજરામાંથી બહાર નીકળી ગયો.

# ભરૂચમાં ક્લાસ-વન અધિકારીએ આર્થિક બોજાથી કંટાળીને આત્મહત્યા કરી

ભરૂચ : ઝાડેશ્વર વિસ્તારની રામેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતા યુવા સરકારી અધિકારીએ કથિત રીતે આત્મહત્યા કરી લેતાં તેમના પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. જીવનના સપનાઓ અને જવાબદારીઓ વચ્ચે આર્થિક સંકટ સામે ઝઝૂમતા અધિકારીએ અંતે આપઘાત કરી લેતાં પરિવારજનો અને સહકર્મચારીઓ સ્તબ્ધ બની ગયા છે. ભરૂચ આયોજન વિભાગમાં ક્લાસ-વન અધિકારી તરીકે ફરજ બજાવતા પીયુષભાઈ ઉકાણીની થોડા દિવસો પહેલાં જ બદલી થઈ હતી અને તેઓ નવા ચાર્જમાં જોડાયા હતા. તેઓ ઝાડેશ્વરની રામેશ્વર પાર્ક સોસાયટીમાં આવેલા ભાડાના A-12 નંબરના મકાનમાં રહેતા હતા. સોમવારે સવારે જ્યારે તેઓ ઘરે એકલા હતા ત્યારે તેઓએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો, જેથી સોસાયટીમાં ખળભળાટ મચી ગયો હતો.ઘટનાની જાણ મકાનમાલિક દ્વારા સી-ડિવિઝન પોલીસને કરતાં તાત્કાલિક પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી.

# 181 અભયમ ટીમ દ્વારા ખોડિયારનગર ખાતે મહિલા જાગૃતકરણ કાર્યક્રમ કરાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.13
181 અભયમ ટીમ દ્વારા ખોડિયારનગર ખાતે મહિલા જાગૃતકરણ કાર્યક્રમ કરાયો જેમાં વુમન્સ યોગા કલાસ માં બેહનો ને અભયમ ટીમ દ્વારા સલાહ સૂચન અને માર્ગદર્શન મળે એ હેતુ થી બેહનો કોઈપણ મુશ્કેલ પરિસ્થિતી માં મુકાયેલ કોઈપણ મહીલાને 24 કલાક વિના મૂલ્ય મદદ મેળવી શકે અને મહિલાઓ અભય બની સકે તેમજ તેમની સામે ઘરેલું કે અન્ય પ્રકારની હિંસા અથવા તો દુર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના સમયે તાત્કાલિક બચાવ, મદદ અને માર્ગદર્શન માટે જરૂરી માળખાઓ તૈયાર રાખવાં, મહિલાઓ ને મદદરૂપ બનનાર વિવિધ માળખાઓ ને વધુ સુદ્રઢ બનાવવા તેમજ મહિલા લક્ષી યોજનાનો ની લાભાર્થી સુધી માહિતી પહોચાડવાનો છેવાડાના વિસ્તાર સુધી મહિલાઓના પ્રશ્નો માં ઉકેલ લાવવા ટેલીફોનીક કાઉન્સિલગ અને વિકટ પરિસ્થિતિમાં બહાર લાવવા ઘટના સ્થળે પર પહોંચવામાં આવે છે મહિલાઓ ના શારીરિક, માનસિક,જાતીય, ઘરેલું હિંસા, લગ્ન જીવનના વિખવાદો, છેડતી, અપ મૃત્યુ,બાળ જન્મ અને આરોગ્ય, કાર્ય સ્થળે જાતિય સતામણી,બિન જરૂરી કોલ મેસેજ થી હેરાન ગતિ વગેરે કિસ્સામાં મદદ પહોચાડી અભયમ આશીર્વાદરુપ બની રહી છે


[પરિશિષ્ટ - IV-A] [સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 (6)ના પ્રોવાઈઝો સાથે વાંચતા નિયમ 9(1) જુઓ]

## સ્થાવર મિલકતની ઈ-હરાજી વેચાણ માટે જાહેર નોટિસ

## એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN: U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસ: એડલવાઈસ હાઉસ, પહેલો માળ, સીએસટી રોડ પાસે, કલિના, મુંબઈ 400098.

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ("નિયમો") ના નિયમ 8 (6) અને 9 (1)ના પ્રોવાઈઝો સાથે વાંચતા, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર ગીરો મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ
નીચે દર્શાવેલી વિવિધ વેચાણકર્તા સંસ્થાઓ (જેમને હવે પછી "એસાઈનર" તરીકે ઓળખવામાં આવશે) ની નાણાકીય સુવિધાઓ, આપેલા કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્યરત એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે. ઉક્ત સોંપણી (Assignment)ને અનુસરીને, EARCએ એસાઈનરનું સ્થાન લીધું છે અને સિક્યોર્ડ ક્રેડિટર (સુરક્ષિત લેણદાર) તરીકે તેના અધિકારોનો ઉપયોગ કરે છે. સિક્યોર્ડ ક્રેડિટર તરીકેની તેની ક્ષમતામાં, EARCએ SARFAESI એક્ટની કલમ 13(4) અને તે હેઠળના નિયમો અનુસાર નીચે દર્શાવેલી સ્થાવર સુરક્ષિત મિલકતોનો પ્રત્યક્ષ કબજો લીધો છે.
આથી સામાન્ય જનતાને અને વિશેષ કરીને લોનધારક (ઓ) અને જામીનદાર (ઓ)ને ૧૫/૩૦ દિવસની નોટિસ આપવામાં આવે છે કે સિક્યોર્ડ ક્રેડિટરની તરફેણમાં ગીરો મુકેલી વર્ણવેલ સ્થાવર સુરક્ષિત મિલકતો, જેનો પ્રત્યક્ષ કબજો ઓથોરાઈઝ્ડ ઓફિસર (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જેમ છે, જ્યાં છે", "જેમ છે જે સ્થિતિમાં છે", અને "જે કંઈ પણ છે"ના ધોરણે કરવામાં આવશે. આ વેચાણ લોનધારક(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી EARC ને મળેલા કોઈ પણ નાણાં બાદ કરીને, EARCને લેણી નીકળતી નીચે દર્શાવેલી રકમો તથા તેના પરના વ્યાજ અને અન્ય ખર્ચ/ખર્ચાઓની વસૂલાત માટે કરવામાં આવશે. મિલકત માટેની અનામત કિંમત (Reserve Price) અને અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) નીચે મુજબ દર્શાવેલ છે.

ઈ-હરાજી માટે મુકવામાં આવેલી સુરક્ષિત મિલકતોની વિગતો:

| લોન એકાઉન્ટ નંબર / વેચાણકર્તા સંસ્થા | લોનધારક / સહ-લોનધારક / જામીનદાર / ગીરો મૂકનારનું નામ | ટ્રસ્ટનું નામ | કુલ બાકી લેણી રકમ (રૂપિયા) | અનામત કિંમત (INR) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (INR) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 'AFH000900863439 /યસ બેંક લિમિટેડ | ૧. રાણા ગોપાલભાઈ (લોનધારક), ૨. રાણા લીલાબેન (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૨૧,૮૩,૨૭૮.૧૯ (૦૯.૦૭.૨૦૨૬ના રોજ) | Rs. 14,45,000.00 | Rs. 1,44,500.00 | ૧૮-૦૮-૨૦૨૬ સવારે ૧૧:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: ટાવર-L ના "શ્રી નંદ નગર" તરીકે ઓળખાતી ઇમારતમાં, બીજા માળે આવેલ ફ્લેટ નં. ૨૦૪, જેનું સુપર બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૭૪.૩૨૨ ચો.મીટર છે અને જમીનમાં ૩૪.૪૨૧ ચો.મીટર અવિભાજિત હિસ્સો ધરાવે છે. જે રેવન્યુ સર્વે નંબર ૯૮૦, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન સેન્સ નં. ૦૭-૮૩-૧૮૮-૦૦૨-૨૮૨-૦૨૦, મોજે ગામ: છાણી, રજિસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ: વડોદરા વિભાગ ૭ (છાણી), ડિસ્ટ્રિક્ટ: વડોદરા ખાતે આવેલ છે અને જેની ચતુર્દિશા નીચે મુજબ છે: પૂર્વમાં - ફ્લેટ નં. L-203, ઉત્તરમાં - ફ્લેટ નં. L-201, પશ્ચિમમાં - રોડ, દક્ષિણમાં - પાર્કિંગ. | | | | | | | |
| 'AFH000900950251 /યસ બેંક લિમિટેડ | ૧. રાહુલ મહેશભાઈ મિસ્ત્રી (લોનધારક) ૨. પ્રિયંકા રાહુલ મિસ્ત્રી (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૨૮,૩૫,૬૮૮.૪૩/- (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 9,36,000.00 | Rs. 93,600.00 | ૧૮-૦૮-૨૦૨૬ સવારે ૧૧:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: "વૃંદાવન હાઇટ્સ" બિલ્ડિંગ નંબર-C તરીકે ઓળખાતી ઇમારતમાં, ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. C-302, જેનું કાર્પેટ ક્ષેત્રફળ ૩૦.૬૦ ચો.મીટર, બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૩૩.૮૭ ચો.મીટર અને ઇમારતમાં ૫.૯૫ ચો.મીટર અવિભાજિત હિસ્સો છે. જે વડોદરા મહાનગર સેવા સદન નગર રચના યોજના નંબર ૪૪ (બાપોદ), એફ.પી. નંબર ૧૨૩, પરમિશન નં. વોર્ડ નં.-૯, L/79/2016-2017 તારીખ ૮/૯/૨૦૧૬, મોજે બાપોદ, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ: વડોદરા ખાતે આવેલ છે અને જેની ચતુર્દિશા નીચે મુજબ છે: પૂર્વમાં - ખુલ્લી જગ્યા અને ટાવર નં. D, પશ્ચિમમાં - પેસેજ, ઉત્તરમાં - રોડ, દક્ષિણમાં - ફ્લેટ નં. C-303, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૫. | | | | | | | |
| 'AFH000900926684 /યસ બેંક લિમિટેડ | ૧. સોની રોમીન અમિતકુમાર (લોનધારક) ૨. સોની ગરવી રોમીન (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૩૬,૮૯,૪૧૮.૦૪/- (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 20,58,000.00 | Rs. 2,05,800.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૧૨:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: શિડ્યુલ: રહેણાંક અને વાણિજ્યિક પ્રોજેક્ટ "નારાયણ રેસીકોમ"ના B ટાવરમાં ચોથા માળે બનેલ ફ્લેટ/યુનિટ નં. ૪૦૩, જે અપૂર્ણ બાંધકામ સાથે (એટલે કે આજની તારીખ સુધી થયેલું અને હવે પછી થનાર બાંધકામ) ૯૧.૩૩ ચો.મીટર બિલ્ટ-અપ એરિયા ધરાવે છે તેમજ લિફ્ટ, દાદર, કેબિન વગેરે જેવા સામાન્ય બાંધકામમાં હિસ્સો અને અધિકાર ધરાવે છે. ઉક્ત ફ્લેટ/યુનિટ ઉક્ત સ્કીમના કોમન પ્લોટ, કોમન રોડ અને અન્ય સામાન્ય સુવિધાઓની અવિભાજિત જમીનના પ્રમાણસર ઉપલબ્ધ હિસ્સા સાથે વેચવામાં આવે છે. ઉક્ત નારાયણ રેસીકોમ, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વડોદરા, સબ ડિસ્ટ્રિક્ટ વડોદરાના મોજે ગામ સયાજીપુરાની રેવન્યુ સર્વે નંબર ૫૪૩/૨ પૈકીની ૧૯૭૫.૬૩ ચો.મીટર જમીન પર વિકસાવવામાં આવેલ અને બાંધવામાં આવેલ છે. ચોથા માળે ટાવર B માં આવેલ ઉક્ત ફ્લેટ નં. ૪૦૩ ની ચતુર્દિશા નીચે મુજબ છે: પૂર્વમાં કે તેની તરફ: યુનિટ/ફ્લેટ નં. ૪૦૮, પશ્ચિમમાં કે તેની તરફ: યુનિટ/ફ્લેટ નં. ૪૦૪, ઉત્તરમાં કે તેની તરફ: યુનિટ/ફ્લેટ નં. ૪૦૨, દક્ષિણમાં કે તેની તરફ: ૩૦ મીટર ટી.પી. રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૧૯. | | | | | | | |
| 'AFH000900868221 /યસ બેંક લિમિટેડ | ૧. સંજય ગયાપ્રસાદ કોરી (લોનધારક) ૨. સુમ્પાદેવી કોરી (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૨૪,૦૦,૭૨૪.૩૬ (૦૯.૦૭.૨૦૨૬ના રોજ) | Rs. 7,79,000.00 | Rs. 77,900.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૧૨:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: ફ્લેટ નં. ૨૦૫, બીજો માળ, "શિવાલે ફ્લેટ", સીટી સર્વે નંબર ૧૯૮, ૧૯૯, ૨૦૦ અને ૨૦૫, મોજે ગામ: તરસાલી (સીટી સર્વે નં. ૧૯૭), રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ: વડોદરા. | | | | | | | |
| 'AFH000900229544 /યસ બેંક લિમિટેડ | ૧. નિમેષ ગોસ્વામી (લોનધારક) ૨. વનિતાબેન અશોકગીરી ગોસ્વામી (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૩૦,૬૭,૩૧૩.૬૨ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 17,42,000.00 | Rs. 1,74,200.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૦૧:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: ફ્લેટ નં. ૫૦૨, પાંચમો માળ, ટાવર - C, કાર્પેટ એરિયા, "ગોકુલધામ રેસીડેન્સી", બ્લોક/સર્વે નંબર - ૬૫૮, મોજે ગામ: ઉંડેરા, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ: વડોદરા. | | | | | | | |
| 'AFH000900959387 /યસ બેંક લિમિટેડ | ૧. મોહિની વરદા રામ (લોનધારક) ૨. વરદારામ ભીખારામ (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૨૨,૧૮,૧૯૫.૬૬ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 14,99,000.00 | Rs. 1,49,900.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૦૧:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: ફ્લેટ નં. B/303 "રાધે લાઈફ સ્ટાઈલ", જે રેવન્યુ સર્વે નં. ૩૮૩/૧, મોજે કોયલી, રજિસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ: વડોદરા ખાતે આવેલ છે અને જેની ચતુર્દિશા નીચે મુજબ છે: પૂર્વમાં - ફ્લેટ નં. B-301, શહેર: વડોદરા, રાજ્ય: ગુજરાત ૩૯૧૩૧૦. | | | | | | | |
| 'AFH000900976357 /યસ બેંક લિમિટેડ | ૧. જૈન વિશાલ મહાવીરભાઈ (લોનધારક) ૨. જૈન કંચનદેવી મહાવીરભાઈ (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૩૬,૨૨,૮૧૫. ૫૮ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 14,70,000.00 | Rs. 1,47,000.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૦૨:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વડોદરા, સબ-ડિસ્ટ્રિક્ટ વડોદરા વિભાગ - ૫ (બાપોદ), મોજે ગામ બાપોદ, રેવન્યુ સર્વે નંબર ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૪૦૪/૧, ૪૦૪/૨, એકીકૃત સર્વે/બ્લોક નંબર ૩૯૩, કુલ ૩૬૩૧૯.૦૦ ચો.મીટર બિનખેતી જમીન પૈકી, પૂર્વ તરફની ૬૫૧૪.૫૫ ચો.મીટર ખુલ્લી જમીન પર મંજૂર લેઆઉટ પ્લાન અને બિલ્ડિંગ પ્લાન મુજબ "તુલસી હાઇટ્સ" નામના રહેણાંક ફ્લેટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. સદર તુલસી હાઇટ્સના ટાવર D ના ચોથા માળે આવેલ ફ્લેટ નં. D-401, જેનું ક્ષેત્રફળ ૭૫.૯૭ ચો.મીટર છે અને તેની સાથે જોડાયેલી અવિભાજિત જમીનનું માપ ૩૧.૮૦ ચો.મીટર છે તેમજ તેની સાથે જોડાયેલ કોમન પ્લોટ અને કોમન રોડનું માપ ૪.૩૯ ચો.મીટર છે. જેની સીમાઓ નીચે મુજબ છે: પૂર્વમાં - ફ્લેટ નંબર D-404, પશ્ચિમમાં - ખુલ્લો પ્લોટ, ઉત્તરમાં - ફ્લેટ નંબર D-402, દક્ષિણમાં - ટાવર C આવેલ છે, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૧૯. | | | | | | | |
| 'AFH000900928542 /યસ બેંક લિમિટેડ | ૧. રાજેશકુમાર અરવિંદભાઈ પટેલ (લોનધારક) ૨. ભારતીબેન રાજેશભાઈ પટેલ (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૨૬,૮૫,૧૭૬.૩૧ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 9,28,000.00 | Rs. 92,800.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૦૩:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: હેક્ટર-આરે ૦-૪૩-૫૦ આકાર-૨=૨૫ ક્ષેત્રફળ ધરાવતા રેવન્યુ સર્વે નં-૫૦૧ પર બનેલ "વૃંદાવન હાઇટ્સ", ટાવર-D, ફ્લેટ નં. D-503, ફાઇનલ પ્લોટ નં-૧૨૩ ક્ષેત્રફળ ૨૬૧૦ ચો.મીટર, મોજે: બાપોદ, રજિસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ વડોદરા અને ડિસ્ટ્રિક્ટ વડોદરા. | | | | | | | |
| 'AFH000900374298 /યસ બેંક લિમિટેડ | ૧. નિલેશ નારાયણ માસ્કે (લોનધારક) ૨. નારાયણ ટી. માસ્કે (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૩૬,૦૫,૬૨૩.૯૯ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 20,81,000.00 | Rs. 2,08,100.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૦૩:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: ગુજરાત રાજ્ય, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વડોદરા, સબ-રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વડોદરા વિભાગ-૨ (દંતેશ્વર), મોજે ગામ તરસાલીની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નં. ૧૫/૧, ખાતા નં. ૬૫૧/૧, જેનું ક્ષેત્રફળ ૫,૨૫૦.૦૦ ચો.મીટર છે, જે જમીન ટી.પી. સ્કીમ નંબર ૩૮માં સમાવિષ્ટ થતા ફાઇનલ પ્લોટ નંબર ૯ ફાળવવામાં આવેલ છે, તદનુસાર ૪,૫૦૪.૦૦ ચો.મીટર ક્ષેત્રફળ ધરાવતી જમીન/મિલકત, વડોદરા મહાનગર સેવા સદનમાં મંજૂર નકશા મુજબ બનેલ "શ્રી રામ રેસીડેન્સી" નામના પ્રોજેક્ટના ટાવર - I માં ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. I-302. ટાવર ફ્લેટ નં. માળ ફ્લેટ કાર્પેટ એરિયા ચો.મી. કોમન યુ.એલ.ટી.સી. ચો.મી. ફ્લેટ બાંધકામ એરિયા (ચો.મી.) બિલ્ટ-અપ એરિયા ૯.૮૨-સામાન્ય દાદર, લિફ્ટ, પેસેજ, ગ્રાઉન્ડ ફ્લોરનું કવર્ડ પાર્કિંગ ચો.મી. કુલ બાંધકામ એરિયા (ચો.મી.) કોમન પ્લોટ અને રોડ એરિયા ચો.મી. જમીન કવર્ડ પાર્કિંગ ગ્રાઉન્ડ ફ્લોર અને માર્જિન જમીન એરિયા ચો.મી. કુલ જમીન એરિયા: I I - ત્રીજો ૫૦.૧૦ ૭.૫૦ ૫૭.૬૦ ૧૬.૧૧૭ ૭.૦૫ ૨૪. પૂર્વમાં: ફ્લેટ નં. ૩૦૧ આવેલ છે., વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૯. | | | | | | | |
| '624475209 /એચડીએફસી બેંક લિમિટેડ | ૧. ગુપ્તા અંશુલ (લોનધારક) | EARC TRUST-SC 469 | રૂ. ૩૮,૨૮,૭૯૨.૮૨ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 20,15,000.00 | Rs. 2,01,500.00 | ૧૮-૦૮-૨૦૨૬ સાંજે ૦૪:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: ફ્લેટ નં. ૪૦૪, ચોથો માળ, કુબેર લાઈફ સ્ટાઈલ ટાવર A, રેવન્યુ સર્વે નં. ૮૭૩ ૧૧ P, આદર્શ નગર પાસે, સેવાતીર્થની સામે, તરસાલી ધનચાવી ૩૦ મીટર રોડ, તરસાલી બાયપાસ રોડ, વડોદરા ૩૯૦૦૧૪. | | | | | | | |
| 'SHLHVDDR0001336 /ટ્રુહોમ ફાઇનાન્સ લિમિટેડ | ૧. હિમાંશુ નરેન્દ્રભાઈ પટેલ (લોનધારક) ૨. પટેલ અંકિતા હિમાંશુ (સહ-લોનધારક) | EARC Trust SC 473 | રૂ. ૧૬,૦૫,૯૮૫.૮૯ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 7,08,000.00 | Rs. 70,800.00 | ૧૮-૦૮-૨૦૨૬ સવારે ૧૧:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: ક્રિષ્ના એવન્યુ, ૪૦૧, શાસ્ત્રીબાગ, વાડી, વડોદરા, ચતુર્દિશા: પૂર્વમાં - ઠાકોરભાઈ ચંદુભાઈ પરમારની મિલકત, પશ્ચિમમાં - ખુલ્લી જગ્યા, ઉત્તરમાં - રોડ, દક્ષિણમાં - કોમ્પ્લેક્સનો કોમન પેસેજ અને ફ્લેટ નં. ૪૦૨, આણંદ, ગુજરાત - ૩૯૧૮૧૦. | | | | | | | |
| '638936189,'638213750,'638213293,'638935951 /એચડીએફસી બેંક લિમિટેડ | ૧. ખાબિયા ચિરાગ મોહનલાલ (લોનધારક) ૨. ખાબિયા અવંતિકા (સહ-લોનધારક) | EARC TRUST-SC 469 | રૂ. ૩૬,૪૮,૩૨૧.૧૧ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 16,78,000.00 | Rs. 1,67,800.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૦૧:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વડોદરા, સબ-ડિસ્ટ્રિક્ટ વડોદરા વિભાગ-3 (અકોટા), મોજે ગામ બિલ, તાલુકો, જિલ્લો વડોદરા, રેવન્યુ સર્વે નં-૭૮૦, બ્લોક નંબર-૫૬૧, કુલ ક્ષેત્રફળ ૧૧,૭૩૬.૦૦ ચો. મીટર, બિનખેતી જમીન. અને રેવન્યુ સર્વે નં-૭૮૧, બ્લોક નંબર-૫૫૯, કુલ ક્ષેત્રફળ ૩,૮૪૫.૦૦ ચો. મીટર, બિનખેતી જમીન. ટાવર D : માળ: ચોથો, ફ્લેટ નંબર: ૪૦૧, અપૂર્ણ બાંધકામનું ક્ષેત્રફળ: ૭૮.૮૫ ચો. મીટર, કોમન સ્પેસનું ક્ષેત્રફળ (પેસેજ, લિફ્ટ, દાદર, પાર્કિંગ): ૩૨.૫૨ ચો. મીટર, અવિભાજિત જમીનનું ક્ષેત્રફળ: ૪૧.૪૮ ચો. મીટર. ઉપરોક્ત મિલકતની સીમાઓ નીચે મુજબ છે: પૂર્વમાં: ટાવર-C આવેલ છે. પશ્ચિમમાં: ફ્લેટ નં. D/404 આવેલ છે. ઉત્તરમાં: ટાવર-O આવેલ છે. દક્ષિણમાં: ફ્લેટ નં. D/402 આવેલ છે., વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦. | | | | | | | |
| 'AFH000900901466 /યસ બેંક લિમિટેડ | ૧. કેદાર સનતકુમાર શેલત (લોનધારક) ૨. વિપુલભાઈ અમીન (જામીનદાર) | EARC Trust SC 471 | રૂ. ૪૬,૯૫,૧૩૫.૦૧ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 15,43,000.00 | Rs. 1,54,300.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૦૧:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: આશરે ૫૪.૧૬ ચો.મીટર કાર્પેટ એરિયા ધરાવતો ફ્લેટ નં. B/૩૦૧, ત્રીજો માળ, ટાવર B, "પલાશ હાઇટ્સ" તરીકે ઓળખાતી સ્કીમ, જે રેવન્યુ સર્વે નં. ૫૭૮ અને ૫૭૯, મોજે ગામ: તરસાલી, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ: વડોદરા ખાતે આવેલ છે. | | | | | | | |
| 'AFH000900923029,'AFH000900310379 /યસ બેંક લિમિટેડ | ૧. રાકેશ આર. પંચાલ (લોનધારક) ૨. વૈશાલીબેન આર. પંચાલ (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૨૮,૧૮, ૭૭૫.૬૫ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 12,77,000.00 | Rs. 1,27,700.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૦૨:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: ફ્લેટ નં. F-105, પહેલો માળ, ટાવર - F નો સંપૂર્ણ ભાગ, આશરે ૭૨૫ ચોરસ ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા, ૨.૮૧ ચો.મીટર અવિભાજિત પ્રમાણસર હિસ્સો, "વિસ્ટેરિયા હાઇટ્સ" તરીકે ઓળખાતી સ્કીમ, ટાવર-A, B, C, D, E અને F (કુલ- ૬ ટાવર), જે રેવન્યુ સર્વે નં. ૪૮૯, ૪૯૦ અને ૫૧૬, બ્લોક નં. ૩૦૦, રેવન્યુ સર્વે નં. ૫૧૫, બ્લોક નં. ૩૫૦, રેવન્યુ સર્વે નં. ૫૨૦, બ્લોક નં. ૩૫૨, રેવન્યુ સર્વે નં. ૫૨૧, બ્લોક નં. ૨૫૫/૨, રેવન્યુ સર્વે નં. ૫૧૭, બ્લોક નં. ૨૯૯, મોજે કપુરાઈ, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ: વડોદરા-૫ (બાપોદ) ખાતે આવેલ છે અને તેની ચતુર્દિશા નીચે મુજબ છે: પશ્ચિમમાં - કોમન પેસેજ, પૂર્વમાં - ટાવર-E પછી ખુલ્લી જગ્યા, ઉત્તરમાં - O.T.S. અને ફ્લેટ નં. F-106, દક્ષિણમાં - ફ્લેટ નં. F-104. | | | | | | | |
| '626945432,'628104130 / એચડીએફસી બેંક લિમિટેડ | ૧. કેશરીયા ભાવેશભાઈ જે. (લોનધારક) | EARC TRUST-SC 469 | રૂ. ૨૦,૨૬,૪૧૪.૧૮ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 8,89,000.00 | Rs. 88,900.00 | ૧૮-૦૮-૨૦૨૬ બપોરે ૦૩:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વડોદરા અને રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ વડોદરાના વિભાગ-૭ માં વેચાયેલી મિલકતનું વર્ણન, મોજે ગામ દશરથની સીમ, ૨૮૦૦ ચો.મીટર જમીનનો બ્લોક/સર્વે નંબર ૪૩૩ (જૂનો સર્વે નંબર ૮૦૬ અને ૭૮૦). તેના પર "અમૃત વાટિકા" નામના અલગ ટાવર્સ બનાવવામાં આવ્યા છે અને રહેણાંક એપાર્ટમેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. મંજૂર નકશા મુજબ, સ્થળ પર ટાવર "A" ના સુપર બિલ્ટ-અપ એરિયાવાળી અપૂર્ણ મિલકત અને ટાવર (બ્લોક) "B" ના બીજા માળે આવેલ ફ્લેટ નં. B/204 આથી વેચવામાં આવે છે. સદર ફ્લેટની સીમાઓ નીચે મુજબ છે: પૂર્વમાં: ૯.૦૦ મીટર પહોળો આંતરિક રોડ આવેલ છે. પશ્ચિમમાં: ફ્લેટ નં. B/203 આવેલ છે. ઉત્તરમાં: ટાવર C આવેલ છે. દક્ષિણમાં: સામાન્ય પેસેજ અને દાદર આવેલ છે., વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૬. | | | | | | | |
| 'AFH000900466270 /યસ બેંક લિમિટેડ | ૧. કપિલાબેન ખ્રિસ્તી (લોનધારક) ૨. રવીન્દ્રભાઈ ખ્રિસ્તી (સહ-લોનધારક) | EARC Trust SC 471 | રૂ. ૧૯,૮૨,૯૮૯.૯૮ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 10,36,000.00 | Rs. 1,03,600.00 | ૧૮-૦૮-૨૦૨૬ સાંજે ૦૪:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: રેવન્યુ સર્વે નં. ૭૮૮, બ્લોક નં. ૪૨૯, ૪૭૬૦ ચો.મીટર ક્ષેત્રફળ ધરાવતા "યોગીરાજ ગ્રીન" ટાવર-B માં ૫મા માળે આવેલ ફ્લેટ નં. ૫૦૨, મોજે ગામ: દશરથ, તા: વડોદરા, જિ: વડોદરા. | | | | | | | |
| 'LVDRSTH0000021812 /એડલવાઈસ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ | ૧. વનરાજસિંહ ભુરુભા મિરોલીયા (લોનધારક) ૨. દીપા વનરાજસિંહ મિરોલીયા (સહ-લોનધારક) | EARC Trust SC - 401-Retail | રૂ. ૩૩,૧૧,૭૫૪.૦૨ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 5,63,000.00 | Rs. 56,300.00 | ૧૯-૦૮-૨૦૨૬ સાંજે ૦૫:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: સ્થાવર મિલકત જે 'સાઈસુધા રેસીડેન્સી' નો ફ્લેટ નં. ૧૦૩ છે, જે ૧૦૩૧ ચો.મીટર ક્ષેત્રફળ ધરાવતા રેવન્યુ/બ્લોક સર્વે નં. ૨૧૭ પૈકી ૧ અને ૨૮૪ ચો.મીટર ક્ષેત્રફળ ધરાવતા રેવન્યુ/બ્લોક સર્વે નં. ૨૧૭ પૈકી ૨ માં ૬૬૪.૦૬ ચો.મીટર જમીન પર આવેલ છે, મોજે ગામ: પ્રતાપપુરાની સીમમાં, સબ ડિસ્ટ્રિક્ટ: હાલોલ, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ: પંચમહાલ. | | | | | | | |
| 'LVDRSTH0000023437 /એડલવાઈસ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ | ૧. ધર્મેશ માંકડ (લોનધારક) ૨. ભાવિક પરેશભાઈ માંકડ (સહ-લોનધારક) | EARC Trust SC - 401-Retail | રૂ. ૩૦,૭૦,૮૬૨.૧૬ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 6,26,000.00 | Rs. 62,600.00 | ૧૯-૦૮-૨૦૨૬ સવારે ૧૧:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: સ્થાવર મિલકત જે 'સાઈસુધા રેસીડેન્સી' નો ફ્લેટ નં. ૨૦૬ છે, જે ૧૦૩૧ ચો.મીટર ક્ષેત્રફળ ધરાવતા રેવન્યુ/બ્લોક સર્વે નં. ૨૧૭ પૈકી I અને ૨૮૪ ચો.મીટર ક્ષેત્રફળ ધરાવતા રેવન્યુ/બ્લોક સર્વે નં. ૨૧૭ પૈકી ૨ માં ૬૬૪.૦૬ ચો.મીટર જમીન પર આવેલ છે, મોજે ગામ: પ્રતાપપુરાની સીમમાં, સબ ડિસ્ટ્રિક્ટ: હાલોલ, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ: પંચમહાલ. | | | | | | | |
| 'LVDRSTH0000021814 / એડલવાઈસ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ | ૧. વનરાજસિંહ ભુરુભા મિરોલીયા (લોનધારક) ૨. દીપા વનરાજસિંહ મિરોલીયા (સહ-લોનધારક) | EARC Trust SC - 401-Retail | રૂ. ૩૨,૯૪,૪૮૫.૬૬ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 5,63,000.00 | Rs. 56,300.00 | ૧૯-૦૮-૨૦૨૬ બપોરે ૧૨:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: ફ્લેટ નં ૧૦૫, સાઈ સુધા રેસીડેન્સી, હાલોલ ટેલિફોન એક્સચેન્જની પાછળ, ટીકીટાર લિમિટેડની બાજુમાં, હાલોલ-ગોધરા રોડ. | | | | | | | |
| X0HLBAO00002886420 / ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ્સ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ | ૧. પંકજ મોહનલાલ યાદવ (લોનધારક) ૨. ઉષા પંકજ યાદવ (સહ-લોનધારક) | EARC Trust SC 481 | રૂ. ૨૩,૮૦,૬૪૭.૦૮ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 6,93,000.00 | Rs. 69,300.00 | ૧૯-૦૮-૨૦૨૬ બપોરે ૧૨:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: રેવન્યુ સર્વે નં. ૧૭૫૩, બ્લોક નં. ૨૮૩૩ ચો.મીટર પૈકી પશ્ચિમ તરફની ૧,૬૯૭.૦૦ ચો.મીટર જમીન, જેમાં "સાઈ દર્શન કોમ્પ્લેક્સ" ના નામ અને શૈલીથી બાંધકામ થયેલ છે તે પૈકી ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. A-306, જેનું બાંધકામ (બિલ્ટ અપ) ક્ષેત્રફળ ૪૭૯.૧૧ ચોરસ ફૂટ છે અને અન્ય સામાન્ય વિસ્તાર ૧૭૪.૦૦ ચોરસ ફૂટ છે, મોજે ઈટોલા, તાલુકો અને જિલ્લો: વડોદરા, વડોદરા, ગુજરાત - ૩૯૧૨૪૩. | | | | | | | |
| 'HL02BAO000000202 / ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ્સ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ | ૧. ઉદયભાઈ રામદાસભાઈ પરમાર (લોનધારક) ૨. ટીનાબેન શાંતિલાલ વસાવા (સહ-લોનધારક) | EARC Trust SC 481 | રૂ. ૨૦,૮૭,૯૦૩.૪૦ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 5,02,000.00 | Rs. 50,200.00 | ૧૯-૦૮-૨૦૨૬ બપોરે ૦૨:૩૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: રેવન્યુ સર્વે નં. ૬૧૭ પૈકી ૨, કુલ ક્ષેત્રફળ ૩૦,૬૫૫.૦૦ ચો.મીટર જમીન જેમાં "વેસ્ટ પાર્ક કાઉન્ટી" ના નામ અને શૈલીથી બાંધકામ થયેલ છે તે પૈકી પ્લોટ નં. ૨૨૩ (ટાઇપ B), પ્લોટ વિસ્તાર ૩૭.૦૩ ચો.મીટર, કોમન પ્લોટ અને રોડ વિસ્તારનો અવિભાજિત હિસ્સો ૩૦.૮૫ ચો.મીટર, કુલ ક્ષેત્રફળ ૬૭.૮૮ ચો.મીટર, મોજે ગુતાલ, તા. વાઘોડિયા, જિ. વડોદરા, ગુજરાત - ૩૯૧૭૬૦. | | | | | | | |
| '7425254 / એયડીબી ફાઇનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડ | ૧. જીગરકુમાર સૂર્યકાંત દવે (લોનધારક) ૨. ઉષાબેન સૂર્યકાંત દવે (સહ-લોનધારક) ૩. સૂર્યકાંત જગન્નાથ દવે (સહ-લોનધારક) | EARC TRUST SC 483 | રૂ. ૨૩,૬૮,૬૮૮.૮૭ (૦૯.૦૭.૨૦૨૬ ના રોજ) | Rs. 11,09,000/- | Rs. 1,10,900/- | ૨૦-૦૮-૨૦૨૬ બપોરે ૦૩:૦૦ વાગ્યે | પ્રત્યક્ષ કબજો |
| મિલકતનું વર્ણન: સ્થાવર મિલકત જે સીટી ટીક્કા નં. ૩, સીટી સર્વે નં. ૩૩૧/A, કુલ જમીન વિસ્તાર ૬૧૦.૩૭.૪૮ ચો.મીટર બિનખેતી જમીન અને અવિભાજિત જમીન વિસ્તાર ૪.૪૦ ચો.મીટર પૈકી ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ દુકાન નં. G/22 છે, જેનું બાંધકામ ક્ષેત્રફળ ૧૫.૧૪ ચો.મીટર અને અવિભાજિત જમીન વિસ્તાર ૪.૪૦ ચો.મીટર છે. મોજે આણંદની વાણિજ્યિક મિલકત તરીકે, G/12, જે. કે. લેન્ડ માર્ક, બળિયાકાકા રોડ, ગામડીવાડ, તા. અને જિ. આણંદ. સીમાઓ:- ઉત્તરે - દુકાન નં: G/23, દક્ષિણે - દુકાન નં: G/21, પૂર્વે - પેસેજ અને OTS, પશ્ચિમે - સી.એસ. નં: 330. | | | | | | | |

હરાજી પ્રક્રિયા અંગેની મહત્વપૂર્ણ માહિતી:

| | | |
|---|---|---|
| 1. | EMD માટેના ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT" ની તરફેણમાં, મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર હોય તે રીતે બનાવવાના રહેશે. | |
| 2. | RTGS દ્વારા કરવામાં આવતી EMD ચૂકવણી આ મુજબ કરવાની રહેશે: ખાતાનું નામ: "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT"; ખાતા નંબર: 000405158602; બેંકનું નામ - ICICI Bank; IFSC કોડ: ICIC0000004 | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ: | હરાજીની તારીખના ૧ દિવસ પહેલા મળવી જરૂરી છે |
| 4. | બિડ્સ (બોલી) સબમિટ કરવાનું સ્થળ: | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, સીએસટી રોડ પાસે, કલિના, મુંબઈ-400098 |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઇટ): | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | 1800 266 6540 |
| 7. | મિલકતની નિરીક્ષણની તારીખ અને સમય: | અગાઉથી એપોઈન્ટમેન્ટ લીધા મુજબ |

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને EARC ની વેબસાઇટ એટલે કે https://auction.edelweissarc.in પર આપેલી લિંકનો સંદર્ભ લો.

તારીખ: ૧૪.૦૭.૨૦૨૬ ઓથોરાઈઝ્ડ ઓફિસર
સ્થળ: મુંબઈ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી

Edelweiss Asset Reconstruction